કલમ કચ્છ બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


ઓક્ટોબર-૨૦

અંક : ૩

વર્ષ : ૫૭

વર્ષ : ઓગષ્ટથી જૂલાઇ



તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com




દિગ્દર્શક :
રક્ષિત વસાવડા



પટકથા લેખક-કલાકાર
હર્ષલ માંકડ



કલાકાર : મેહુલ બૂચ




ટૂંક સમયમાં આવી રહી છે.....
જ્ઞાતિના જાણીતા Multi Talented યુવા લેખક
હર્ષલ માંકડ લિખિત અને જ્ઞાતિ કલાકારો અભિનિત ગુજરાતી ફિલ્મ...



કલાકાર : હર્ષિત ઢેબર



અભિનેત્રી : આસ્થા મહેતા

# ફિલ્મ યુવા સરકારની નિર્માણગાથા...

આ ફિલ્મ નિર્માણનો વિચાર લગભગ દોઢ વર્ષ પહેલાં જાણીતા યુવા લેખક હર્ષલ માંકડ(હેયાન)ને આવ્યો, એક વાર્તા મનમાં ઘૂંટાતી હતી નવું એક પુસ્તક લખવું છે...પછી વિચાર્યું કે આ વાર્તાનું ફિલ્માંકન કેવું થાય, એમણે આ વિચાર બહુમુખી પ્રતિભા ધરાવતા દિગ્દર્શક રક્ષિત વસાવડાને આપ્યો કે આ વિષયનું ફિલ્માંકન થાય કે કેમ, અને હંમેશા નવી વાત નવા આઈડિયાને અપનાવવાની ટેવ ધરાવતા રક્ષિતભાઈએ એમના વિચારોના ઈનપુટ તો આપ્યા અને સાથો-સાથ ૨ પગલાં આગળ ચાલી, જો ફિલ્માંકન કરવું હોય તો કોને કોને કાસ્ટ કરી શકાય એ પાત્રો સહિત નામ પણ આપ્યાં, સૌ પ્રથમ મને ફોન આવ્યો કે એક નવો વિચાર આવ્યો છે આજે રાત્રે રક્ષિતભાઈને ત્યાં મળવું છે, હું પહોંચ્યો...મને આખી વાત/વાર્તા કરી અને સાથે મારે ક્યો રોલ કરવાનો છે એ પણ કહ્યું,અને બીજા રોલ કોણ કોણ કરશે તે પણ જણાવ્યું, પણ ફિલ્મ બનાવવી અને એમાં પણ અત્યારના સમયમાં (કે જયારે ગુજરાતી ફિલ્મોની લાઈન લાગી હોય ત્યારે) સારી ફિલ્મ બનાવવી કંઈ સહેલી વાત નથી, એ એમને પણ ખ્યાલ હતો, હર્ષલ માંકડે ફિલ્મમાં મુખ્ય રોલ અને બાકીની તમામ જવાબદારીઓ સાથે આ વિચાર એકથી બીજાને અને બીજાથી ત્રીજાને આપ્યો... જોતજોતામાં તો વિચાર ક્યારે વટવૃક્ષ બની ગયો એ ખબર પણ ન પડી, એ ફિલ્મ બનાવવાની ધમાકેદાર શરૂઆત થઈ...નિલેશભાઈ કાતરોડિયા, આમ તો એમનો વેપાર અને વિષય જુદો પણ એમને વાર્તા/વિચાર ગમ્યા. એક શરતે પ્રોડયુસર થયા કે ગમે તેમ કરો પણ ફિલ્મ નબળી ન બનવી જોઈએ... બસ, પછી તો એક પછી એક સક્ષમ/અનુભવીને આમંત્રણ આપવાનું શરૂ કર્યું. જેમાં ફિલ્મની સિનેમેટોગ્રાફી કરવા બોલીવુડના જાણીતા એવા પવન ચૌધરી કે જેમણે રાઝ અને ક્રિએચર જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. પ્રોફેશનલ રેડ ડ્રેગન કેમેરાથી શૂટ કરવાનું નક્કી કર્યું. ઘણી ખરી ગુજરાતી/હિન્દી લો બજેટ ફિલ્મમાં આ કેમેરો નથી વાપરવામાં આવતો. ફિલ્મનું સંગીત હર્ષલ પંડયા(મુંબઈ) જાણીતા ગાયકો... ઓસમાણ મીર, નિધિ ધોળકિયા-પોટા....ખ્યાતનામ અને દિગ્ગજ કલાકારોને પણ આમંત્રણ આપ્યાં. જેમાં મેહુલ બૂચ(મુંબઈ) કે જેમણે ઘણી હિન્દી/ગુજરાતી ફિલ્મોમાં મહાનાયક અમિતાભ બચ્ચન, જેકી શ્રોફ, પરેશ રાવલ, રામકપુર અને અન્ય ઘણા જાણીતા કલાકારો સાથે કામ કરેલું છે. તેઓ પણ હર્ષલભાઈ સાથે મુખ્ય રોલમાં દેખાશે.

મુખ્ય રોલની સાથે ફિલ્મમાં રાજકોટ અને રાજકોટ બહારના લગભગ ૧૦૦ ઉપરાંત કલાકારોએ કામ કર્યું છે. જેમાં હર્ષલભાઈએ નાગર જ્ઞાતિના જ જાણીતા માનીતા તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર કામ કરી ચૂકેલા એવા ૬૦થી વધુ કલાકારોને પસંદ કર્યા છે, એ જ્ઞાતિ માટે ગૌરવની વાત છે.

ફિલ્મ વિશે જાજી વાત નથી કહેવી પણ, એક વાત ચોક્કસ છે...આ એક બોલીવુડ સ્ટાઈલની

ઢોલીવુડ ફિલ્મ બની રહેશે.

હાલ ફિલ્મનો બેકગ્રાઉન્ડ સ્કોર / Vfx /color correction અને ડીજીટલ ઓડિયો મુંબઈ ખાતે તૈયાર થઈ રહયો છે. ફિલ્મની પબ્લીસીટી અને રીલીઝિંગ તિહાઈ ગ્રુપ (અભિલાષ ઘોડા) સંભાળી રહયા છે.

રીલીઝિંગ તારીખ ટૂંક સમયમાં જણાવીશું...નાગરો અભિનીત અને દિગ્દર્શિત આ ફિલ્મ જોવાનું ચૂકશો નહીં.

## અભિનય એક કલા છે....યુવા સરકારના અદાકારોની તસ્વીરી ઝલક









## યુવા સરકાર ફિલ્મના નિર્દેશક રક્ષિત વસાવડા કહે છે....

એક વિચાર આકાર લઈ સાકાર થાય એ કેવળ અને કેવળ ઈશ્વરના આશીર્વાદ, પરંતુ સાકાર થયેલ વિચારને વધાવવા કે આગળ વધારવા જરૂરી બને છે સ્નેહીજનોનો સથવારો, સધિયારો.

આવુંજ કાંઈક થયું છે અને થવા જઈ રહયું છે વાત છે અમારી, આપણી આગામી આવી રહેલ ફિલ્મ 'યુવા સરકાર'ની....

દિવાળીના સપરમા દિવસોમાં, ખાસ કરીને 'ધનતેરસ'ના પવિત્ર દિવસે ૧૩ નવેમ્બરે ફિલ્મ 'યુવા સરકાર' થીયેટરમાં રજૂ થવા જઈ રહેલ છે. ''નાગર ધંધો ન કરી જાણે...'' જોખમ ન લઈ જાણે...'' જેવા વિધાનો આપણા માટે વપરાતા આવ્યાં છે. આપણા કાને પડતા આવ્યાં છે, એ ''મેણુ'' ભાંગવાનો અવસર છે. 'યુવા સરકાર'માં ઓન સ્ક્રીન અને ઓફ સ્ક્રીન મળી ૫૦ થી વધુ 'નાગર બચ્ચાઓ' નો બળકટ પ્રયત્ન છે અને માટે તો શરૂમાં લખ્યું એમ આ ફિલ્મ માત્ર અમારી નહીંપણ અનેકવિધ રીતે 'આપણી' છે બસ, એ 'આપણાપણું' વરસાવવા નિવેદન.

જેમ મોટા ભાગની ફિલમોમાં ફલેશબેક હોય છે એમ 'યુવા સરકાર'ના સર્જનની વાત માટે આપણે પણ જઈએ ફલેશબેકમાં...૫ ફેબ્રુઆરી ૨૦૧૯, સમય મધ્યરાત્રી, સ્થળ- હાઈવે....

વાત એમ બની કે હર્ષલ માંકડ અને હું નવસારીથી રાજકોટ આવી રહયા હતા. એમાં વાતમાંથી વાત નીકળી અને હર્ષલે એક વાર્તા સંભળાવી. વાર્તાનું નામ 'યુવા સરકાર'. વાર્તાના અંતે એણે ઉમેર્યું કે દર વર્ષે ૫ જાન્યુઆરીએ એના જન્મ દિવસ નિમિત્તે એ દરેક વખતે નવું પુસ્તક બહાર પાડે છે. પરંતુ, બદલાતા સમયના વહેણ સાથે બદલાવના ભાગરૂપે ''પુસ્તક'' ને બદલે ''નાટક'' રૂપે આ વાત રજૂ થાય. વાતમાં દમ હતો અને ફલક પણ મોટું. કોઈપણ સર્જક ને લલચાવે એવો વિચાર.



મેં માત્ર એટલું કહયું કે નાટક તો થાય જ પણ જો ફિલ્મ બને તો એ વધુ રસપ્રદ રહે. હર્ષલે આ વિચાર વધાવી લીધો અને ઈશ્વરે એને ઝીલી લીધો.

અમને બંન્નેને ફિલ્મો જોવાનો અનહદ શોખ, પણ ફિલ્મ જોવી અને બનાવવી એ બંન્ને વચ્ચે જમીન આસમાનનો ભેદ. પણ અમારૂં ગાડું હરિ હંકારે...એટલે એ વાત નિકટના વર્તૂળમાં કહી. મિત્ર અનિષે વાત વધાવી અને આગળ ધપાવવા શ્રી અભિલાષ ઘોડા જે મારા સ્વજન પણ ખરા એમનો સંપર્ક કરાવ્યો.

અમે અમદાવાદ એમને મળ્યા. ત્યારે અમને વાસ્તવિકતાનું ભાન થયું કે ફિલ્મ બનાવવા માટે અમે જે બજેટ વિચારેલ એના કરતા ચાર થી પાંચ ગણું

બજેટ જરૂરી હતું. એક આપ્તજનને છાજે એવા હક્ક ભાવે અભિલાષભાઈએ અમને ચેતવ્યા કે આટલા રૂપિયા હોય તો અને ત્યારે જ કામ હાથમાં લેજો નહીંતર બહુ અઘરું પડશે....જો કે ત્યારે અમને એમની શિખામણ 'અઘરી' પડેલ...પણ એમણે અમારા વિઝનને બ્રોડ બનાવ્યું....અમારૂં ગાડું ઉપરવાળાએ અટકાવવા નહોતું દેવું....અને 'હૂંડી' પહોંચી ગોંડલ નિવાસી મહાજન શ્રી નિલેષભાઈ કાતરોડિયા પાસે. એમને વિચાર ગમ્યો અને 'યુવા સરકાર' ને આર્થિક ટેકો જાહેર કર્યો.

કલાકાર, કસબીઓની પસંદગી શરૂ થઈ. મુળભૂત રીતે ફિલ્મક્ષેત્ર માટે અમે તદ્દન નવોદિત, જેમની સાથે અગાઉ કામ કરેલ અથવા તો જેમના કામથી પરિચિત એવા સ્વજન સમા દરેક સ્થાનિક કલાકારોએ ઉત્સાહભેર આ અભિયાનનો હિસ્સો બનવામાં સહકાર આપ્યો. ફિલ્મ સર્જનમાં ટેકનીકલ પાસું બહુ મહત્વનું હોય છે,એ માટે અમારા એસોસીએટ ડીરેકટર નિલેષભાઈ ચોવટીયાની રાહબરીમાં મુંબઈના કસબીઓનો સાથ સાંપડયો.

ફિલ્મ માટે એક અનુભવી ચહેરો બહુ જરૂરી હોય છે, પણ અગાઉ લખ્યું એમ 'નવા' ને સીરયસલી ગણતરીમાં બે એવા અનુભવી કલાકારને વાત કરવી પણ હિંમત દાખવવા જેવું હતું. ભાઈ હર્ષલે મુંબઈના મંજાયેલ કલાકાર કે જેમણે અનેક નાટકો, સીરીયલ્સ, ફિલ્મ્સમાં એમની કલાના કામણ પાથરેલ એવા શ્રી મેહુલ બુચનો સંપર્ક કર્યો. મેહુલભાઈએ માત્ર એટલું જ જાણ્યું કે ''નાગર'' નગારે ઘા કરી રહયા છે. વાર્તા પણ સાંભળ્યા વિના કામ કરવાની મોટા મને સંમતિ આપી. અમારા હૈયામાં હામ ભળી. અને 'યુવા સરકાર' ને પ્રમુખ મળ્યાની અનુભૂતિ થઈ.

કોઈ લગ્ન પ્રસંગ હોય અને અનેકવિધ પાસાઓ ઉપર કામ કરવાનું હોય એવુંજ થતું ગયું. સ્ક્રીપ્ટનું ટાઈપીંગ, પ્રોપટીઝનું લીસ્ટ, લોકેશન ફાઈનલ કર્યાં. શેડયુલીંગ, બજેટીંગ એક સાથે અનેક ઘોડાઓ ઉપર સવાર થવાનું હતું.

૧૬ નવેમ્બર ૨૦૧૯ શ્રી મેહુલભાઈની હાજરીમાં પત્રકાર પરિષદ યોજાઇ. શ્રી જય વસાવડાએ મુહૂર્ત કલેપ આપી. શ્રી જવલંત છાયાએ વિશેષ હાજરી આપી અને 'યુવા સરકાર' ને વેગ મળ્યો.

૪ જાન્યુઆરી ૨૦૨૦ ગોંડલ ખાતે 'યુવા સરકાર'નું શુટીંગ શરૂ થયું. હજુ પણ માનવામાં નહોતું આવતું કે સપનું સાકાર થવા જઈ રહયું હતું. ત્યારબાદ રાજકોટમાં મોટા ભાગનું શુટીંગ થયું. 'આપણા' અનેક કલાકાર, કસબીઓ 'યુવા સરકાર' નો મુળભૂત હિસ્સો છે. અત્રે નામોલ્લેખ શકય નથી .કારણ એ યાદી બહુ વિશાળ છે અને એ એક અલગ લેખ થાય એવડી છે પણ અમે એ સહુના ઋણી છીએ.

લોકડાઉન દરમિયાન પણ ફિલ્મના સર્જનના કેટલાક પાસાઓ ઉપર કામ થયું. ૫ સપ્ટેમ્બર ૨૦૨૦, અભિલાષભાઈના સથવારે કાજલ ઓઝા વૈધના હાથે ફિલ્મના પોસ્ટરનો ફર્સ્ટ લૂક જાહેર થયો જેને ભરપૂર પ્રેમ સાંપડયો. તા. ૨ ઓકટોબર ૨૦૨૦, ગાંધી જયંતિના શુભ દિવસે ફરી એકવાર અભિલાષભાઈ

ના માર્ગદર્શન તળે મિત્ર ચેતન જેઠવા લિખિત ગાંધી રાસ રજૂ થયો અને ખુબ જ સારો પ્રતિસાદ સાંપડયો. આ વંચાતુ હશે ત્યારે ફિલ્મનું ટ્રેલર અને બીજાં ગીતો પણ આપ સુધી પહોંચી ગયા હશે અથવા પહોંચવામાં હશે.

શ્રી અભિલાષભાઈના માર્ગદર્શન તળે 'યુવા સરકાર' હવે સિનેમા હોલ તરફ કૂચ કરી રહેલ છે. ત્યારે 'સરકાર' ટકાવવાની જવાબદારી આપણી સહુની સહિયારી છે. 'યુવા સરકાર' અપેક્ષામાં ઉણી નહી ઉતરે એમની ખાતરી બસ... એને સફળ બનાવવામાં આપનો કિંમતી અને પવિત્ર મત આપની થીયેટરમાં હાજરી.

કોરોનાની મહામારીમાં કયારેક જાહેર સ્થળોએ જવું મગજમારી લાગી શકે પણ સરકાર, સીનેગૃહ ના સંચાલકો સહુ આ અંગે જાગૃત છે અને પ્રેક્ષકોના સ્વાસ્થ્ય અંગે શકય તમામ સાવચેતી ભર્યાં પગલા ઉઠાવવાના જ છે. અમને શ્રધ્ધા છે ફરી એક વખત થીએટર્સ ધમધમતા થશે. આપ સહુ જરૂર થી પધારશો.

થોડી તકેદારી થકી તકદીર બદલવાનું ટાણું આવ્યું છે ત્યારે પ્લીઝ મોળા ન પડતા...અને મોડા પણ...આભાર.

રક્ષિત વસાવડા







## યુવા સરકારના ફિલ્મના નાયક શ્રી મેહુલ બુચનો અભિપ્રાય...

"બુચ, તમે નાગર છો ?"

આ પ્રશ્ન, આજથી લગભગ પાંત્રીસેક વર્ષ પહેલા મારી નિશાળના નાટ્ય શિક્ષક શ્રી ભૂપેન્દ્રભાઈ વ્યાસે મને નાટકના પહેલા જ ડાયલોગનું વાંચન કર્યુ હતું ત્યારે પૂછયો હતો. મેં બહુ જ આશ્ચર્યચકિત થઈ વ્યાસ સરને પૂછયું હતું કે સર તમને કઈ રીતે ખબર ?.....અને એમણે કહયું હતું કે "દેખાવ, ભાષા અને ઉચ્ચારશુદ્ધિ તો તમારા નાગરોની ઓળખાણ છે!"

'નાગર' તરીકેની આજ ઓળખાણે આપેલા આત્મવિશ્વાસને આત્મસાત્ કરી, અભિનય ક્ષેત્રે આગળ વધ્યો અને આજે મારા નામને સફળ અભિનેતા તરીકેની જે 'ઓળખ' મળી છે એ માટે હું સર્વ નાગર જ્ઞાતિજનો અને નાગર સંસ્કારોનો નત મસ્તકે આભાર માની આજની વાત માડું છું.

૨૦૧૯ના અંતમાં મને રાજકોટમાં એક ગુજરાતી ફિલ્મ કરવાની તક મળી. આ ગુજરાતી ફિલ્મ એટલે 'યુવા સરકાર'. રાજકોટના રક્ષિત વસાવડા આ ફિલ્મના દિગ્દર્શક અને હર્ષલ માંકડ આ ફિલ્મના મુખ્ય અભિનેતા. બંન્ને વ્યક્તિઓ નાગર છે સાંભળી આનંદની લાગણી અનુભવી. પરંતુ સાથે સાથે મનમાં સહેજ ડર હતો કે ફિલ્મનું સુકાન જેમના હાથમાં છે એવી આ બંન્ને વ્યક્તિઓ ફિલ્મ ક્ષેત્રમાં તો સાવ જ નવી છે, તો આવા અદ્ભૂત વિષય ધરાવતી આ ફિલ્મ 'યુવા સરકાર' બનશે કેવી ?? આવી અનિશ્ચિતતાની લાગણી સાથે રાજકોટ એરપોર્ટ પર પહોંચતાવેંત મારી સામે એક પછી એક સુખદ આશ્ચર્યની શ્રૃંખલા શરૂ થઈ. એરપોર્ટ પર પ્રોડક્શન મેનેજર, ડ્રાઈવર સાથેની ગાડી રિસિવ કરવા આવે એવા સામાન્ય પ્રોટોકોલની અપેક્ષાએ જયારે હું એરપોર્ટ ની બહાર નીકળ્યો ત્યારે સ્વયં દિગ્દર્શક રક્ષિતભાઈ ફુલોના ગુલદસ્તા સાથે નિર્માતા નિલેશભાઈના સંગાથે મને આવકારવા ઉભા હતા. એ વખતે મને ખરેખર ખૂબ સારું લાગ્યું હતુ.

ત્યાંથી 'પેટ્રીયા સ્યુઈટસ' નામની આલીશાન હોટેલમાં ઉતારો અપાયો. ફિલ્મનો મુખ્ય અભિનેતા કોઈ કારણોસર એરપોર્ટ પહોંચી નહોતો શકયો પણ મારી સગવડ અને સરભરાનો ખ્યાલ રાખવા આવી રહેલા એના સતત ફોન કોલ્સથી એ ત્યાં હાજર જ હતો.

આવા સરસ આવકારથી સારા માણસો સાથે કામ કરું છુ એ વાતનો આનંદ હતો. પણ આ અત્યંત સારા પણ આ ક્ષેત્ર માટે સાવ નવા માણસો, સારી ફિલ્મ કઈ રીતે બનાવશે એવા ભય સાથે હું શુટિંગ પર પહોંચ્યો.



સામાન્ય શુટિંગ પર હોય એવા કોઈપણ જાતના તણાવ વગર સરસ હસતા ચહેરાઓએ મને સેટ પર આવકાર્યો. શુટિંગ શરૂ થયું અને રક્ષિત વસાવડા નામના અત્યંત શાંતપ્રકૃતિનાં, શિસ્તપ્રિય એ નાગર દિગ્દર્શકે, એક પછી એક શોટ્સ માં

પોતાની આવડત, પૂર્વ તૈયારી અને સર્જકતાનો પરચો દેખાડવા માંડયો.

મુખ્ય અભિનેતા હર્ષલ માંકડને પણ ખૂબ જ સ્વસ્થતા અને સજજતા સાથે અભિનય કરતાં જોઈ ખૂબ આનંદ થયો. મુખ્ય અભિનેતા થઈ ગયાનો લેશમાત્ર પણ મદ નહીં, ભાર નહીં. બસ એક જ લક્ષ્ય... કામ સારું કામ અને એથીય વધુ સારું કામ.

રાજકોટનાં નામાંકિત કલાકારોના સથવારે, આ બધાની સજજતા જોઈ 'યુવા સરકાર' નામની આ ગુજરાતી ફિલ્મ અને અભિનેતા તરીકે હું, હવે સુરક્ષિત હાથોમાં છીએ એની ખાતરી થઈ ગઈ. આખુંય યુનિટ અને સહકલાકારો... સહુ કોઈ એવા હસમુખા કે સામેથી ઓળખાણ કરવાનું મન થાય. ઓળખાણ થતી ગઈ..અન્ય કલાકાર કસબીઓની સાથે સાથે માંકડ,વસાવડા,કચ્છી,બુચ,ઓઝા, ધોડા, દેસાઈ, મહેતા, અંતાણી, છાયા, વૈષ્ણવ, ઢેબર, ત્રિવેદી આવી આપણી પોતીકી નાગરી અટકો સાંભળી જોતજોતામાં હવે 'યુવા સરકાર' ફિલ્મનો સેટ, સેટ મટીને પોતીકા માણસોને લીધે પોતીકો લાગવા માંડયો. એકવાર તો હર્ષલ ને કુતુહલથી પૂછી એ લીધું કે ભાઈ, કેટલા નાગરો છે! આ ફિલ્મમાં, અને ત્યારે હર્ષલે હસતાં હસતાં જવાબ આપ્યો કે જો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે 'યુવા સરકાર' ફિલ્મ સાથે સંકળાયેલી માત્ર નાગર વ્યકિતઓનો સરવાળો માંડો તો ૭૩ થાય. કદાચ આ પહેલી જ કોઈ ફિલ્મ હશે જેમાં એક સાથે લગભગ ૭૩ નાગર જોડાયેલા છે.

હમણાં ડબિંગના તબકકે મેં જેટલી ફિલ્મ જોઈ એ પછી, રક્ષિતભાઈ વસાવડા અને હર્ષલ માંકડને એમની વિષય પસંદગી માટેની હિંમત અને 'યુવા સરકાર' જેવા અનોખા વિષયની માવજત બદલ સલામ કરું છું.

'યુવા સરકાર' ફિલ્મ સરસ બની જ છે...સંગીત પણ સાવ અનોખુ છે.

હવે ચીલાચાલુ વિષયથી હટકે એવી ફિલ્મ 'યુવા સરકાર'ને સફળતા સુધી પહોંચાડવા હું એક નાગર તરીકે, મારી સાથે આ ફિલ્મમાં જોડાયેલા એ તમામ નાગરબંધુઓ અને તમામ કલાકાર કસબીઓ સાથે હાથમાં હાથ મિલાવી,આપ સહુ નાગરોને વિનંતી કરૂં છું કે 'યુવા સરકાર' એ ૭૩ જેટલા નાગરોના યોગદાનથી હવે આપણી ફિલ્મ બની ગઈ છે... આપણા પોતીકાઓની ફિલ્મ બની ગઈ છે.

'યુવા સરકાર' ની સફળતા હવે તમારા હાથમાં છે. એક નાગર અભિનેતા તરીકે આપ સહુ નાગરો પાસેથી એટલા માટે આટલા હકથી સહકાર અને સાથ માગી રહયો છું કારણ કે અભિનેતા તરીકેની આ એકત્રીસ વર્ષોની કારકિર્દીમાં સામાન્ય રીતે સિરીયલો, ફિલ્મોના શુટીંગ પર પહોંચું ત્યારે, હાય, હલો, કૈસે હૈ, નમસ્કાર મેહુલજી એવા ઉદ્ગારો સાંભળવા મળે, પણ મારી આ પહેલી ગુજરાતી ફિલ્મ છે જયાં સવારના શુટીંગ પર પહોંચતા જ સાંભળવા મળ્યું કે - '' મેહુલભાઈ જય હાટકેશ''.

# શું કહે છે...યુવા સરકાર ફિલ્મનાં અભિનેત્રી આસ્થા મહેતા

૨૦૧૮માં રંધોળામાં એક લગ્નમાં સંગીત સંધ્યા પ્રસંગે હું સૌ પ્રથમ વખત હર્ષલભાઈ માંકડને મળેલી. ઘણી બધી કળા જેમને વરેલી છે, એવા હર્ષલભાઈ સાથે બહુ અનોખી રીતે હું જોડાઈશ એવું સ્વપ્નમાં પણ નહોતું ધારેલું.

ત્યારબાદ ૨૦૧૯માં રાજકોટમાં એક વીડિયો શુટમાં હું આવેલી. ત્યારે સંયોગથી હર્ષલભાઈ સાથે ફરી મુલાકાત નીવડી અને વાત વાતમાં તેમના 'યુવા સરકાર'ના પ્રોજેક્ટ વિશે વાત થઈ. સ્ટોરીલાઈન અને સંગીત(જે મારું મુળભૂત ક્ષેત્ર છે) ખૂબ જ રસપ્રદ લાગતાં તેના શુટીંગ પ્લાનીંગની તેમણે વાત કરી. નાગર બચ્ચો કોઈ આટલું ઊંચું-અનેરું સાહસ કરતો હોય તે સાંભળીને ખૂબ જ ખુશી મળી. મને તેમના દ્વારા જાણવા મળ્યું કે ફિલ્મના અમુક મહત્વના પાત્રોમાં એક પાત્ર (ફીમેલ કેરેક્ટર) માટે તેઓ યોગ્ય પાત્ર(કેન્ડીડેટ) શોધી રહ્યા છે તે પણ વાત થઈ અને મેં મારી આ પાત્ર માટે હું યોગ્ય લાગું તો ડાયરેક્ટર(રક્ષિત વસાવડા)ને વીડિયો મોકલવા તૈયારી બતાવી.એક દિવસ મેં મારો 'ઓડીશન ટ્રાયલ વીડિયો' રક્ષિતભાઈને મોકલ્યો, અને તેઓનું એપ્રુઅલ મળતાં ખૂબ ખુશી થઈ...

રક્ષિતભાઈ ખુબ જ પરફેક્શનિસ્ટ, અનુભવી અને હાર્ડવર્કીંગ ડિરેક્ટર. જેમની સાથે મુલાકાત બહુ સરસ રહી. ૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ શુટીંગ શરૂ કરવામાં આવ્યું. અને મારા શેડ્યુલ પ્રમાણે મારા શૂટની ડેઈટસ મુજબ શુટીંગ કરાયું. એકટીંગ માટેનો મારો પ્રથમ અનુભવ હોવા છતાં રક્ષિતભાઈએ ખૂબ જ ધીરજપૂર્વક મારા દરેક શુટને દિશા આપી. ફિલ્મની મોટા ભાગની જોડાયેલી વ્યકિતઓ નાગર જ્ઞાતિની હોવાથી,સામાન્ય રીતે જેમ આ ક્ષેત્રમાં વ્યસન કે કોઈ ટોર્ચર વગેરેને કોઈ સ્થાન નહોતું.

ન્યારી ડેમ, આજી ડેમ, ગોંડલ વગેરે સ્થળોએ ફિલ્મના બધા જ સભ્યો કોમન પર્સનથી માંડી ને ટોપ સુધીના બધા જ ખૂબ જ સપોર્ટિવ તથા કામને સંપૂર્ણ ન્યાય આપનારા હતા. હર્ષલભાઈએ એક ઘરના સભ્યની માફક દરેક વ્યકિતની જમવાની અને રહેવાની પણ તકેદારી રાખી હતી જેથી કોઈ અગવડ ને સ્થાન નહોતું.



આશા રાખું છુ કે ફિલ્મ તમને એટલીજપસંદ આવે કે અમારા બધા સભ્યોની મહેનત અને લગન કાર્યગત નીવડે. મારા જીવનનો અવિસ્મરણીય અનુભવ સામાન્ય લોકો સુધી પહોંચે અને ફિલ્મની સ્ટોરીમાં જે એક નવો જ વિચાર રજૂ કરે છે તે લોકો સુધી પહોંચશે અને એટલો જ પસંદ પણ પડશે એવી મહત્વકાંક્ષા સેવું છુ.

# યુવા સરકાર વિશે અનિષ કચ્છીનું કહેવું છે કે...

પૂ. બાપુ એ કહ્યું હતું કે નાગર એક જ્ઞાતિ નહી પણ વિચારધારા છે... બાપુના આ વાકયની સાબિતી આપવાનું કામ આપણે કરવાનુ હતું. અલબત, એ કામની શરૂઆત થઈ ચૂકી છે હવે માત્ર અને માત્ર આપના સહકાર એ બાપુએ દુનિયા સામે મુકેલી વાત ને સાચી ઠેરવવાના દિવસો આવી રહયા છે....

હા,એ આપણા લોહીમાં છે એમ જ એક ઉંચા હોદ્દાની નોકરી તો કરે જ છે, છતાંય આપણી કલા અને સંસ્કૃતિને વરેલા છે....યુવા વર્ગમાં પ્રિય છે, આગળ લખું તો યુવા આઈકોન છે... હા, હું વાત કરી રહયો છું રોક એન રોલ તરફ વધી રહેલી આપણી આખીય પેઢીને ગાંઠનું ગોપીચંદન લગાડી ગાંધીના વિચારો તરફ લઈ જવા માંગતા આપણા બે નરબંકાઓની. એક એ આખા વિચારબીજને જન્મ આપ્યો અને બીજાએ પોતાની આગવી પ્રતિભાથી એને શણગાર કર્યો...જી, સૌ નાગરના ગૌરવસમા ગુજરાતી પિકચરના પ્રણેતા હર્ષલ માંકડ અને રક્ષિત વસાવડાના 'યુવા સરકાર'ની ચર્ચા આજે વેરાવળ થી વાપી અને મુંબઈ જેવા શહેરના દરેક નાગર પાટિયે ચર્ચાઈ રહી છે.

હર્ષલએ આ આખી પિક્ચર લખી, રક્ષિત સફળ દિગ્દર્શક તરીકે એને સુપેરે પાર પાડી અને બાકી રહેતું હતું તો વર્ષોથી રંગમંચ અને ટેલીવિઝન ઉપર રાજ કરનાર નીવડેલ કલાકાર મેહુલ બુચ... મિલન ત્રિવેદી... હર્ષિત ઢેબર... નિર્મિત છાયા...રાજુ યાજ્ઞિક... જીતેન્દ્ર ઠક્કર અને અનેક અન્ય કલાકારોનો રંગ એમાં ઉમેરાયો... દેશ વિદેશમાં જ્ઞાતિને ગૌરવ અપાવનાર નિધિ ધોળકિયા, હિતષ્વ નાણાવટી અને ઓસમાણ મીર જેવા નામી કલાકારોના કંઠે આખાય પિકચરને સમૃદ્ધ બનાવ્યું... ચેતન જેઠવા જેવા ઈન્ટરનેશનલ ફીગરએ કોરિયોગ્રાફી થી સજાવ્યું...

હર્ષલ બેંકરમાંથી સફળ એકટર થવા ભણી... હવે આખીય ઘટનામાં આપનો રોલ ૧૩/૧૧/૨૦ ના દિવસે થિએટરમાં રજૂ થનારી આપણી ભાષાની, આપણી જ્ઞાતિની મારી તમારી આપણા સૌની સ્વપ્ન સમી ગુજરાતી મુવીની ટિકિટબારી છલકાવી, આ સૌને સહકાર પ્રોત્સાહન આપવું એ ફરજનો ભાગ માત્ર. જ્ઞાતિને થિયેટર સુધી લઈ જવામાં આપનો સહકાર જરૂરી. અન્ય પ્રેક્ષકોને થિયેટર સુધી જવા મજબુર કરે એવું આયોજન વધુ એક જ્ઞાતિ રત્ન અભિલાષ ઘોડા અને એની કંપની 'તિહાય' કમર કસી રહયું છે.



આ માધ્યમથી આપ સૌનો 'યુવા સરકાર'ની આખી ટીમ સહકાર ઝંખી રહી છે આપશોને..આપશો જ... આપે આપવો જ પડશે.... આપ જોવો ને લોકોને જોવા વિનંતી કરો એ જ વિનંતી... અમે આવી રહયા છીએ આપના આશીર્વાદ થી ૧૩/૧૧/૨૦૨૦ ગુજરાતના દરેક મુખ્ય સિનેમાઘરો માં..

'યુવા સરકાર' એક વિચાર...

- અનિષ કચ્છી

## હિતષ્વ નાણાવટીનો રાજીપો...

આમ તો હું ગાયક કલાકાર પણ જ્યારે મારી પાસે પહેલી વખત આ ફિલ્મ માટેનો વિચાર આવ્યો ત્યારે હું પણ અચંબામાં પડી ગયો. ક્યારેય એકટિંગ કરી ન હતી એટલે થોડો કચવાટ પણ હતો, પણ જ્યારે મને ખ્યાલ આવ્યો કે આ પ્રોજેક્ટમાં બધા મિત્રોને ભાઇઓ જ છે ત્યારે આત્મવિશ્વાસ વધી ગયો. રક્ષિતભાઇ વસાવડા અને હર્ષલભાઇ માંકડે મારા પર વિશ્વાસ મૂક્યો એ હાટકેશ દાદાના આશીર્વાદ જ ગણાય. મારા માટે સૌથી ગમતી વાત એ હતી કે મારે મારો જ કિરદાર નિભાવવાનો હતો. મોટું ફિલ્મ સેટઅપ મુંબઈની ટેક્નિકલ ટીમ, દિવસ રાતના શેડ્યુલ, અઢળક મહેનત આ બધા વચ્ચે મને એક સબળ ટીમના ભાગ બનવા મળ્યું તેનો મને રાજીપો છે. ફિલ્મ બનાવવી એ કોઈ રમત વાત નથી. આપણી જ્ઞાતિ માટે એક ઐતિહાસિક ઘટના છે. જેના સાક્ષી બનવા સર્વે જ્ઞાતિબંધુઓને વિનંતી છે. આ જ ફિલ્મનો મારો 'ડાયલોગ' કહું તો ''મેં મારા અંતરનો અવાજ સાંભળ્યો છે, એટલે જ આખી દુનિયા આજે મારો અવાજ સાંભળે છે.'' આપે મને સ્ટેજ પર તો ઘણી વખત માણ્યો છે, હવે સ્ક્રીન પર મળીએ.

હિતષ્વ નાણાવટી, જૂનાગઢ








**યુવા સરકારના કલાકાર ચેતસ ઓઝા કહે છે આ ફિલ્મનો સંદેશ...**

શિક્ષણ અને રાજનીતિ બંન્ને વિરોધાભાસી શબ્દો છે. દેશવાસીઓની એક કુટેવ એ છે કે કોઈપણ વિષય તજજ્ઞ એટલે કે એકસપર્ટ હોવા અંગે લોકો અનુભવ કરતા ઉંમરને વધુ મહત્વ આપે છે. કવિ ઉમાશંકર જોશીએ એમની એક રેડિયો મુલાકાતમાં એવું કહયું હતું કે જો સારા માણસો શાસન માટે આગળ નહી આવે તો એમણે ખરાબ માણસોથી શાસિત થવાનું રહેશે. આ વિધાનને સાર્થક કરતું સર્જન એટલે ફિલ્મ 'યુવા સરકાર'..કોઈપણ વિચારને સતત મંથન કરીને યોગ્ય સ્વરૂપે આકારિત કરવો અને એ સ્વપ્નને સાકાર કરવું. યાત્રા ખૂબ જ જટિલ અને પડકારજનક હોય છે. ઘણા બધા લોકોને ટેવ હોય વાતો કરવાની પણ બહુ ઓછા લોકોને ટેવ હોય કામ કરવાની. એપ્રિલ ૨૦૧૯માં જયારે હેમુ ગઢવી હોલ ખાતે પ્રથમ વખત જ્ઞાતિજનો સમક્ષ 'યુવા સરકાર' ફિલ્મ વિશે વાત રજૂ થઈ ત્યારે પ્રશંસા અને શુભેચ્છાઓની સાથોસાથ ઘણા બધા લોકોને મનમાં એવું પણ હતું કે આ તો ખાલી વાતો થાય છે. એમ કંઈ ફિલ્મ ન બને! પરંતુ ફકત દસ જ મહિનામાં યુવા સરકાર નામનો આ વિચાર અઢી કલાકનો એક સુંદર પ્રોજેકટ સ્વરૂપે આકાર લઈ ચુકયો હતો. ૩૫ દિવસમાં સમગ્ર ફિલ્મનું શુટીંગ મહદ્અંશે રાજકોટની જગ્યાઓમાંજ કરવામાં આવ્યું. જ્ઞાતિ માટે ગૌરવ લઈ શકાય એવી બાબત એ કે ઓન સ્ક્રીન ૩૫ અને કુલ ૫૬ જેટલા જ્ઞાતિજનો આ ફિલ્મ સાથે સંકળાયેલા છે.

આ તો થઈ નિર્માણની વાત, પણ રિલીઝ થયા પછી જરૂરી બાબત એ છે કે લોકો સુધી આ સારો વિચાર પહોંચાડવો અને વધુમાં વધુ લોકોને થિયેટર સુધી લઈ આવવા. કોરોનાકાળ અને લોકડાઉનમાં અનેક લોકોની પરિસ્થિતિઓમાં બદલાવ આવ્યો, ઘણી વ્યકિતઓએ ધંધા નોકરી બદલાવ્યા પણ સૌથી કફોડી હાલત થઈ શિક્ષકોની. એક સ્વમાની શિક્ષક કયારેય અનીતિ કરે નહીં, પરંતુ સૌથી વધુ આ ફિલ્મ શિક્ષણ થકી બદલાવ લાવવામાં ખૂબ મોટો ફાળો આપી શકે જો આપણે એને પૂરા ન્યાય સાથે જોઈએ. અને પ્રોમોટ પણ કરીએ.

'યુવા સરકાર'ની વાર્તા વિશે વધુ વાત તો અહીં નહી કરૂં પણ એટલું કહીશ કે જો દરેક વ્યકિત આ ફિલ્મના વિચારબીજને પોતાના જીવનમાં અમલી બનાવે તો ગાંધીજી અને સ્વામીજીના સ્વપ્નનું ભારત આગામી દસ વર્ષોમાં ઉભું થઈ શકે. શિક્ષક જયારે રાજકારણમાં સશકત રીતે પ્રવેશે તો સામાજિક ઉત્કર્ષ કેટલું શકય બને એના અનેક ઉદાહરણો જ્ઞાતિ પાસે છે.



ઢેબરભાઈ, ડોલરરાય માંકડ, ચંદુભાઈ બુચ, રમેશભાઈ છાયાથી લઈ ને કમલેશભાઈ જોષીપુરા અને ભદ્રાયુ વછરાજાની સુધીના તમામ વ્યકિતત્વ સફળ શિક્ષકથી લઈ ને સફળ નેતૃત્વ ધરાવતા લોકો સાબિત થયા છે, જેમનું રાજનૈતિક અવમૂલ્યન અને નિર્ણયો સમયાંતરે સમાજના દરેક સ્તરને પૂરેપૂરા ફાયદાકારક સાબિત થયા છે.

આવો જ એક સશકત,સક્ષમ અને ધરખમ વિચાર ફિલ્મ 'યુવા સરકાર' માં જોવા મળશે. આ કોઈ જ ફિકશન ફિલ્મ નથી જેમાં એકલો હીરો અને એક વિલનની ધોલાઈ કરે. આ ફિલ્મની વાર્તા જ ફિલ્મનો મુખ્ય હીરો છે. નવી શિક્ષણનીતિ ખૂબ સારૂં ભવિષ્ય લઈને આવશે પણ જે શિક્ષકને મુળભૂત મૂલ્યો અને સિદ્ધાંતો સાથે કોમ્પ્રોમાઈઝ કરવું પડે એવી પરિસ્થિતિ સર્જાઈ તો એ સમાજની પ્રગતિની શક્યતાઓ ઘણી ઓછી ગણાય.

શિક્ષણ અને નાટકો બંન્ને ક્ષેત્રના મારા થોડા ઘણા અનુભવ પરથી એટલું તો ચોક્કસ કહીશ કે આ ફિલ્મ નિર્માણ અને કન્ટેન્ટની દ્રષ્ટિએ ખૂબ સારી રીતે બની છે. કલાકારો, દિગ્દર્શન, કેમેરા, સંગીત જેવા તમામ અગત્યના પાસા ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે. ઓન સ્ક્રીન અને ઓફ સ્ક્રીન મહેનતનો હું સાક્ષી અને સહભાગી રહયો છું, ત્યારે સહુ વાચકોને એટલુંજ કહીશ કે જો આપ સૌનો પ્રેમ અને સહકાર મળ્યો તો ચોક્કસપણે 'યુવાસરકાર' રચશે ઈતિહાસ.

- ચેતસ ઓઝા

---

અને છે....લ્લે....

સપનું જોવું અને સપનું પુરૂં કરવું આ બંને વચ્ચે સખત પરિશ્રમનો રસ્તો પસાર થતો હોય છે અને આ રસ્તે જયારે તમારી પાસે હાથમાં હાથ મિલાવી ચાલનારી, દોડનારી અને ઉડનારી ટીમ હોય ત્યારે રસ્તો પથ બની જાય છે અને મુસાફરી યાત્રા બની જાય છે.

યુવા સરકાર એક ફિલ્મ નથી, પરંતુ ગર્ભમાં રહેલું બાળક, મનમાં રહેલી પ્રાર્થના અને ઈશ્વર પર રહેલી શ્રદ્ધા છે. જેની સાથે અનેક લોકોના સપના જોડાયેલાં છે. આ શિખરને સર કરવા રક્ષિત વસાવડા નામના ભોમિયાની મદદ લઈ અમારી આખી ટીમ બસ ટોચ ઉપર પહોંચવા તૈયાર છે. આપની પાસેથી આ યાત્રાને તેની યોગ્ય ટોચ મળે તેવી અપેક્ષા છે.

હીરો કોને કહેવાય ?

હીરો તેને કહેવાય જે શરૂઆત કરે, પહેલ કરે...

- હર્ષલ માંકડ 'હેયાન'

email id : harshal.mankad@gmail.com

### ભાવનગરની આસ્થા મહેતા મુવિની મુખ્ય હિરોઈન

# ભાવનગરમાં યુવા સરકાર મુવીનું ટ્રેલર લોન્ચઃ દિવાળી પર ફિલ્મ રીલીઝ

ભાવનગર તા.૨૫

ભાવનગર ખાતે રવિવારે યુવા સરકાર એક વિચાર મુવી નું ટ્રેલર લોન્ચ કરાયું હતું.

એક એવું ફિલ્મ જે યુવાઓ પર અને યુવાઓ માટે બનાવાયી. ફિલ્મ નિર્માતા નીલેશ કાટરોડીયા જણાવે છે કે આ ફિલ્મ નિર્માણનું કાર્ય ૫ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ સારું થયેલું અને અમારે તેને ૧૫મી ઓગસ્ટના રોજ રિલીઝ કરવાની હતી પરંતુ કોરોના મહામારીને કારણે ઠપ પડેલ જન જીવન અને સાથો સાથ મનોરંજન ધીરે ધીરે વેગ પકડતા અમે અમારૂં ટ્રેલર આજે ગુજરાતની કલા પ્રિય જનતા વચ્ચે ભાવનગરથી મૂક્યું . ખાસ કરી ભાવનગરથી લોન્ચ કરવાનું કારણએ અમારા ફિલ્મમાં મુખ્ય રોલ ભજવનાર દીકરી આસ્થા મહેતા કે જેઓ ભાવનગરના છે અને


તસવીરઃ વિપુલ હિરાણી

તેમનો ખુબ આગ્રહ હતો કે મારી જન્મભૂમિ પર મારા જીવનની પહેલી મુવીના ટ્રેલરનું વિમોચન( લોન્ચિંગ ) થાય. અને એટલે ૨૫મી ઓકટોબરના રોજ અને નવરાત્રી પર્વમાં (આજે ) તેનું વિમોચન થયું.

ફિલ્મ દિવાળી પર મોટા પડદે રિલીઝ થશે, ૫૫ થી વધુ સ્કીન પર ગુજરાત સહીત મુંબઈમાં પણ રિલીઝ કરશે. આ પ્રસંગે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સ અને વિમોચન કાર્યક્રમમાં મુવીના ડિરેક્ટરથી માંડી તમામ મુખ્ય અભિનેતાઓ સહીત ફિલ્મના લેખક , એડિટર અને સપોર્ટીંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

અંતે ડિરેક્ટર અને અભિનેતાઓએ ગુજરાતની મનોરંજન પ્રિયા જનતાની પાસેથી સાથ અને સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી સાથો સાથ એમ પણ જણાવ્યું કે કોરોના કાળના લાંબા વેકેશન બાદ ગુજરાતમાં પ્રથમ ગુજરાતી ફિલ્મ એ ★યુવા સરકાર★ રિલીઝ થશે તેઓ એ વધુ ઉમેર્યું કે સરકારના આત્મનિર્ભર ભારતના આયોજનમાં અમે ગુજરાત તરફથી એક ડગલું આ મુવી બનાવી ને ભર્યું . તેઓ વધુ કહે છે ફિલ્મના મુખ્ય કિરદારો એ આ ફિલ્મથી તેમના કેરિયરની શરૂઆત કરી છે તો જનતા પણ તેને સારોપ્રતિસાદ આપે અને અમેં પણ ગુજરાતની મનોરંજન પ્રિયા જનતાને અમે પુરેપુરા મનોરંજિત કરશુ.




**તા. ૧૩/૧૧/૨૦ના રોજ રિલીઝ થઈ રહેલ ફિલ્મ 'યુવા સરકાર'ની ટીકીટ માટે ચેતસ ઓઝાનો- મો.નં. ૯૪૦૮૬૬૫૬૫૬ ઉપર સંપર્ક કરશો...**



એક આદર્શ શિક્ષક યુવાનને સક્રિય રાજકારણમાં જોડાવવા અપીલ કરે છે અને આગળજતાં આ સફરમાં કેવા કેવા વળાંકો આવે છે તેની કહાની: સાચો હીરો તેને કહેવાય જે લોકોની સમસ્યાને સમજે, તેનું સમાધાન કરે, હમેંશા સાથે ઉભા રહે ...કંઇક આવી જ વાત છે આ ફિલ્મમાં

# અત્યાર સુધી કદી નથી બની તેવા વિષય પર રાજકોટમાં નિર્માણ પામી અર્બન ગુજરાતી ફિલ્મ 'યુવા સરકાર': ૧૩મીએ થશે રિલીઝ

નિર્માતા નિલેષ કાત્રોડિયા અને નિર્દેશક રક્ષિત વસાવડાની ફિલ્મમાં કલાકારો હર્ષલ માંકડ, મેહુલ બુચ, રાજુ યાજ્ઞિક, મિલન ત્રિવેદી, અનિશ કચ્છી, હર્ષિત ઢેબર, કાજલ અગ્રાવત, આસ્થા મહેતા, અરવિંદ રાવલ, સુજલ દેસાઇએ પાથર્યા છે અભિનયના ઓજસ: મુખ્ય હીરો હર્ષલ માંકડ છે એસબીઆઇના કર્મચારી: ગોંડલના નિલેષભાઇ કાત્રોડિયા સાથે મુંબઇ સુધી સફર કરી અને ફિલ્મ નિર્માણનો વિચાર આવ્યો

**આ ફિલ્મ રાજકીય બદલાવનો સંદેશ આપતી હોવા છતાં એ કોઈ જ ચોક્કસ રાજકીય પક્ષને સહકાર કે પક્ષની વિચારસરણીથી પ્રેરિત નથી**

**૬૦ સ્ક્રીન પર થશે રિલીઝ: સાવધાની સાથે લોકોને દિવાળીની રજા માં મનોરંજન મળી રહે એ હેતુથી ફિલ્મ દિવાળીમાં રિલીઝ કરવાનો નિર્ણય ફળશે તેવી આશા**

**શૂટિંગ સમયે ફ્લોર પરની મેહુલભાઈની શિસ્ત, દરેક સીનમાં પોતાનાથી બને એટલું શ્રેષ્ઠ કામ આપવાનો અભિગમ, અત્યંત સરળ વ્યવહાર આ બધી બાબતો રાજકોટના નવોદિતોને ઘણું બધુ શીખવે છે**

[illegible]

## આ ફિલ્મ રાજકોટ માટે ગૌરવ બની રહેશે: જ્વલંત છાયા



[illegible]



## ફિલ્મ સાથે જોડાયેલા ૯૦ ટકા લોકો રાજકોટના

## 'યુવા સરકાર'નેશનલ લેવલે પહોંચે તેવી રાજકોટની ફિલ્મ: જય વસાવડા



[illegible]

સાચું માર્ગદર્શન અને સહકાર મળે તો યુવાનો પણ શ્રેષ્ઠ પરિણામનું સર્જન કરી શકે છે...ફિલ્મના નિર્માણમાં પણ એ જ બાબત અગત્યની બની રહી છે : જો વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સુધી આ ફિલ્મ પહોંચશે તો 'યુવા સરકાર'નો વિચાર યોગ્ય રીતે સાર્થક થઇ શકશે